નં. જિશિસ/મકમ-૨/૪/ખાનગી શાળા/નવી શાળા/૨૦૦૦-૨૦૦૧

જિલ્લા પંચાયત કચેરી
શિક્ષણ શાખા,
ભુજ-કચ્છ તા. ૩૦/૫/૨૦૦૧

પ્રતિ,
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,
શ્રી શાંતિલાલ ભુધરમલ અદાણી ચેરીટેબલ ટ્રસ્ટ,
૮મા માળે, શિખર, શ્રીમાળી સોસાયટી,
મીઠાખળી, છ રસ્તા પાસે, નવરંગપુરા,
અમદાવાદ-૯

---------

વિષય :- શ્રી અદાણી ડી.એ.વી. પબ્લીક સ્કુલ સને જુન-૨૦૦૧ થી શરુ કરવા અંગે ના વાંધા પ્રમાણપત્ર.-માન્યતા

સંદર્ભ :- ૧) આપના અરજી દરખાસ્ત તા. ૨૩/૧૧/૨૦૦૦ તથા ૨૭/૨/૨૦૦૧

૨) અત્રેની કચેરીના પત્ર સરખા નંબર તા. ૨/૩/૨૦૦૧.

૩) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુ.રા.ગાંધીનગરના ના વાંધા પ્રમાણપત્ર નં. ૨૯/કેએચપી એસ/સીએચએચ/૨૦૦૧/૫૦૨૪ તા. ૫/૩/૨૦૦૧.

જયભારત સાથે ઉપરોકત વિષય સંબંધિત જણાવવાનું કે, સંદર્ભ (૧) અન્વયે આપની ટ્રસ્ટે નવી શાળા, જુન-૨૦૦૧ થી શરૂ કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ. ત્યારબાદ આપે વધુમાં સી.બી.એસ.ઈ.-યુ દિલ્હીના એફીલીએશન સાથેની શાળા શુરુ કરવા અત્રેની કચેરીનું ''ના વાંધા પ્રમાણપત્ર'' મેળવવા અરજી કરેલ. જેના અનુસંધાને સંદર્ભ (૨) વાળા પત્રથી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી ગુ.રા. ગાંધીનગરને દરખાસ્ત કરવામાં આવેલ, તેના અન્વયે સંદર્ભ (૩) થી '' ના વાંધા પ્રમાણપત્ર'' આપવામાં આવેલ.

ઉપરોકત વિગતોને ધ્યાનમાં લઈને મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ હેઠળ શિ. વિ. ગુ.રા.ના જાહેર ક્રમાંક કેપીએસ/૧૦૯૭/૧૯૪૭/ક તા. ૮/૪/૯૮ થી અમોને મળેલ અધિકાર અન્વયે આપના ટ્રસ્ટની શ્રી અદાણી ડી.એ.વી. પબ્લીક સ્કુલને જુન-૨૦૦૧ થી નવી શાળા શરુ કરવા માન્યતા આપવામાં આવે છે. સીબીએસઈ સાથેનું એફીલીએશન મંજુર થયે તેની નકલ અત્રે જાણ અને રેકર્ડ અર્થે મોકલી આપવા વિનંતી છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,
શિક્ષણ શાખા, જિ.પં. ભુજ-કચ્છ

૩૦/૫/૨૦૦૧